ENT care associates

# કાકડાના ઓપરેશન પછીની સૂચનાઓ

૧) ઓપરેશન પછી દર્દી ભાનમાં આવે ત્યારે ઉબકા અથવા સાધારણ ઉલ્ટી થાય તે સામાન્ય છે.

૨) ઉલ્ટી અથવા થૂંક સાથે સાધારણ લોહી આવે કે નાક માં થીથોડું લોહી નીકળવું એ ચિંતા કરવા જેવું નથી.

૩) શીશી સુંઘાડતા પહેલાં આપેલા ઈન્જેક્શન(**Glycopyrrolate**) ને કારણે શરીર ગરમ રહે અથવા આખા શરીરે લાલાશ પકડે તેરી એક્શન નથી અને તાવ નથી એ ધ્યાનમાં લેશો.

૪) કાકડાની અને કાન ની નસ એક જ હોવાથી કાકડા ના ઓપરેશન પછી બે અઠવાડિયા સુધી કાનમાં દુખે તે સામાન્ય છે, તેની ચિંતા કરવી નહિ.

૫) દર્દી ભાન માં આવે ત્યારેનીચે મુજબ ની સુચનાઓ નુ ંપાલન કરો :

૧. આપને લખી આપેલ દવાઓમાં **Betadine Mouth gargles (100 ML)**(સફેદરંગની) દવા અને **Hydrogen Peroxide Gargles** (કથ્થાઈરંગની) દવા છે. બંને ની એક-એક ચમચી દવા એક ગ્લાસ પાણીમાં નાખી દિવસમાં ૮ થી ૧૦ વાર કોગળા કરવા, જમ્યા પછી કોગળા ખાસ કરી લેવા. કોગળા ગળા માં ઊંડે સુધી દાય તેરી તે કરવા અને ત્યારબાદ બધી જ દવા બહાર કાઢી નાખવી.

૨. કાકડાના ઓપરેશન પછી કોગળા કરવા એ બહુ જ મહત્ત્વની પ્રક્રિયા છે. કારણ કે તે ગળાની અંદર સતત ડ્રેસિંગકરે છે. જે ડોક્ટર દ્વારા કરવું શક્ય નથી. વળી, જેમ હાડકાનાં ઓપરેશન બાદ ડોક્ટર પ્લાસ્ટર કરે છે અને ત્યાં આરામ આપવાથી રૂઝ આવે છે તેમ ગળાની બાબત માં હોતુ નથી. કોગળા કરવાથી ગળા ના સ્નાયુઓ ને સતત કસરત મળે છે અને ઘા ઝડપ થી રૂઝાય છે અને દુખાવો પણ ઓછો થાય છે.

૩. કોગળા કર્યા પછી એક કપ આઈસક્રીમ (ડ્રાય ફ્રુટવગરની) ખાઓ. શરૂઆત માં ખૂબ જ દુ:ખે, ખાવાનું શરૂ કરવાથી દુખાવામાં રાહત થશે, ઘણા દર્દીઓ ને આઈસક્રીમ ખવડાવવાથી કફ થાય તે માન્યતા ખોટી છે. બધા જ પ્રકાર ના ંઠંડા પીણાં કે મીલ્કશેક આપી શકાય.

૪. દર્દી નિયમિત બોલી શકે છે, કફ કાઢી શકે છે જેથી દુખાવો ઓછો થાય અને રૂઝ જલ્દી આવે છે.

૬) એક અઠવાડિયા સુધી હલ્કો, પોચો ખોરાક ખાવો દખલા તરીકે ખીચડી, શીરો, દુધપૌંઆ, નરમ બ્રેડઅનેદૂધ, માખણ, બિસ્કીટ, આઈસક્રીમ, દાળ-ભાત, રાબ વિગેરે.

૭) બીજા અઠવાડિયા થી નિયમિત જમવાનું ખઈ શકાય પણ છોલી નાખે એવો ખોરાક ન ખાવો જેમ કે. પાપડ, ખાખરા વિગેરે.

૮) મોં માં અંદર ના ભાગે બંને બાજુ એ સફેદ રંગ ના ડાઘ દેખાય અથવા વચ્ચે ના ભાગે સોજો દેખાય તો ગભરાઈ જવું નહિ.

૯) કાકડાના ઓપરેશન પછી મોં માંથી વધુ પડતું લોહી નીકળે તો તાત્કાલિક બતાવવા આવવું જરૂરી છે. થુંકમાં લોહી ની છાંટ દેખાય તે સામાન્ય છે. પણ જો વધારે લોહી નીકળે તો તાત્કાલિક બતાવવુ ંજરૂરી છે.

૧૦) સમજાવ્યા મુજબ નિયમિત દવા લેવી.

૧૧) ઓપરેશનના એક અઠવાડિયા પછી તા. __/__/20__નારોજ __:__AM/ PM કલાકે ચંદ્રપ્રભુ ક્લિનીક પર બતાવવા આવવું.

ENT
care
associates